## વોટ્સએપમાં નવા અપડેટ

# પેરેન્ટિંગ કંટ્રોલ, બર્થ ડે રિમાઈન્ડર ફીચર

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

વિશ્વમાં હજારો મેસેજિંગ એપ્સ છે, છતાં હવે એવી પરિસ્થિતિ થઈ ગઈ છે કે મેસેજ એટલે વોટ્સએપ. 'વોટ્સએપ કર્યો', 'વોટ્સએપ કરું છું' કે 'વોટ્સએપ કર્યો હતો' - આવાં વાક્યો હવે મેસેજના પર્યાય બની ગયાં છે. 'વોટ્સએપ મેસેજ કર્યો હતો' એમ કહેવાની જરૂર હવે રહી નથી. મેસેજ એટલે વોટ્સએપ. વોટ્સએપ મલ્ટિમીડિયા એપ્લિકેશન છે એમ કહેવું પણ હવે તો ઓછું કહેવાય. વોટ્સએપમાં પેમેન્ટ સહિતની કેટલીય સુવિધાઓ મળે છે. વોટ્સએપ ચેટિંગ એપ છે, વીડિયો કોલિંગ એપ છે, કોલિંગ એપ છે. સોશિયલ મીડિયાની ગરજ સારે એવાં તમામ ફીચર્સ તેમાં છે. સ્ટોરી સેટ કરી શકાય, સ્ટોરીમાં સોંગ મૂકી શકાય, વીડિયો મૂકી શકાય અને પેમેન્ટ પણ કરી શકાય. 'એપ એક, કામ અનેક' જેવું વોટ્સએપનું કામ છે.

વોટ્સએપની પોપ્યુલારિટી માટેનું મહત્ત્વનું પરિબળ તેમાં થતાં પરિવર્તનો છે. સતત વોટ્સએપમાં નવાં-નવાં પરિવર્તનો આવતાં રહે છે. જરૂરિયાત પ્રમાણે વોટ્સએપ પોતાના રંગરૂપમાં ફેરફાર કરે છે. પરિવર્તનશીલ હોવાથી જ વોટ્સએપની તોલે બીજી કોઈ મેસેજિંગ એપ આવી શકતી નથી. આજે એક તરફ વોટ્સએપ અને બીજી તરફ બીજી બધી મેસેજિંગ એપ્સ, એવી સ્થિતિ છે. વોટ્સએપના જ દર મહિને 300 કરોડ એક્ટિવ યુઝર્સ છે. આટલા યુઝર્સ સતત જળવાઈ રહે અને નવા ઉમેરાતા રહે એ માટે વોટ્સએપમાં ફેરફારો થતા રહે છે. એવા જ એક-બે ફેરફારો તાજેતરમાં થયા છે. આ નોંધપાત્ર ફેરફારોમાં પહેલો અને સૌથી મહત્ત્વનો ફેરફાર પેરેન્ટિંગ કંટ્રોલને લગતો છે.

બાળકોના વોટ્સએપ અકાઉન્ટ પર પેરેન્ટ્સનું નિયંત્રણ રહે એ માટે મેટાએ નવી પૉલિસી બનાવી છે. એ પ્રમાણે બાળકોની અમુક ગતિવિધિઓ પર પેરેન્ટ્સની નજર રહેશે, છતાં તેઓ બાળકોની ચેટ વાંચી શકશે નહીં. વોટ્સએપમાં 13 વર્ષથી નાનાં બાળકો અને 17 વર્ષથી નાનાં બાળકો માટે એમ બે વિકલ્પો મળશે. બંને વયજૂથમાં કેટલીક બાબતોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. 17 વર્ષથી નાની ઉંમરનાં બાળકોને થોડી વધારે પ્રાઈવસી મળશે.

વોટ્સએપના સેટિંગ્સમાં જઈને પેરેન્ટ-સેટ પિન ઓન કરી દેવાથી 17 વર્ષથી નાની વયનાં બાળકોના વોટ્સએપ અકાઉન્ટ પર માતા-પિતાનું નિયંત્રણ આવી જશે. અત્યાર સુધી પેરેન્ટ્સ બાળકોને વોટ્સએપ વાપરવા દેવું કે નહીં એ મૂંઝવણમાં રહેતા હતા. મોબાઈલમાં વોટ્સએપ જ બંધ રાખવું પડતું હતું. તેના બદલે હવે મેટાએ વોટ્સએપમાં પેરેન્ટિંગ કંટ્રોલની સગવડ આપી છે. એ પ્રમાણે 13 વર્ષથી નીચેના અને 17 વર્ષથી નીચેના એમ બે વયજૂથનાં બાળકોના અકાઉન્ટ પર પેરેન્ટ્સ નિયંત્રણ રાખી શકશે. પેરેન્ટ્સ બાળકોની ગ્રુપ એક્ટિવિટી પર નજર રાખી શકશે. જો બાળકો કોઈ નવા ગ્રુપમાં જોડાશે તો તેનું નોટિફિકેશન પેરેન્ટ્સને મળશે. બાળકો કોનું સ્ટેટસ જોઈ શકશે તેનું સેટિંગ પણ પેરેન્ટ્સ કરી શકશે. બાળકો સેટિંગ્સમાં જઈને નવું સેટિંગ કરવા માગશે તો તેનું નોટિફિકેશન પણ પેરેન્ટ્સને મળશે. પેરેન્ટ-સેટ પિન વગર સેટિંગ્સમાં ફેરફાર કરી શકાશે નહીં. વોટ્સએપમાં જે ચેનલ્સ હોય છે, તેના પર પણ પેરેન્ટ્સનું નિયંત્રણ રહેશે, જોકે, બાળકોની પ્રાઈવસી જળવાઈ રહે એ માટે તેમની ચેટ માત્ર બાળકો જ વાંચી કે લખી શકશે. તેમાં પેરેન્ટ્સનો કોઈ અંકુશ રહેશે નહીં. તેથી ટીનેજર્સની અંગત વાતચીત સુરક્ષિત રહેશે. આમ છતાં, તેમની એક્ટિવિટી પર માતા-પિતા નજર રાખી શકશે એટલે સોશિયલ મીડિયા પર કોઈ બાળકને ભરમાવવાની કોશિશ કરે તો તેની જાણકારી પેરેન્ટ્સને મળી શકે છે. આવું જ એક મહત્ત્વનું અપડેટ બર્થડે વિશને લગતું છે. આજે એવી સ્થિતિ છે કે વોટ્સએપમાં સ્ટોરી મૂકીને બર્થડે વિશ કરવું જાણે ફરજિયાત બની ગયું છે. ઘણી વાર ખૂબ વ્યસ્તતાને કારણે કોઈની સ્ટોરી જોવાનું થાય નહીં તો સગાં-સંબંધીઓના બર્થડે ભૂલાઈ જાય છે.




કોઈ કોમન ફ્રેન્ડ કે પરિવારના સભ્યની સ્ટોરી જોઈ લઈએ તો બર્થડે યાદ આવી જાય અને આપણે પણ સ્ટોરી મૂકી દઈએ. પરંતુ જો એવો સમય ન મળે તો બર્થડે મિસ થઈ જાય છે. આવું ન થાય એ માટે વોટ્સએપમાં બહુ ઉપયોગી ફીચર આવી રહ્યું છે. બર્થડે રિમાઈન્ડર નામનું આ ફીચર એડ્રેસ બુકમાંથી બર્થ ડેટ વાંચશે અને પછી રિમાઈન્ડર આપશે. એટલું જ નહીં, તમારે કોલ કરીને

**તેમની એક્ટિવિટી પર માતા-પિતા નજર રાખી શકશે એટલે સોશિયલ મીડિયા પર કોઈ બાળકને ભરમાવવાની કોશિશ કરે તો તેની જાણકારી પેરેન્ટ્સને મળી શકે છે**

વિશ કરવું હશે તો તેના માટે પણ સુવિધા મળશે. 'મેક અ કોલ' જેવું ટૂલ ઉમેરાશે. જો કોન્ટેક્ટ્સમાં ફોટો સાથે નંબર સેવ હશે તો એ ફોટોને સ્ટોરીમાં સેટ કરવાનો વિકલ્પ પણ બતાવશે.

એ જ રીતે, સ્કેમર્સના કોલ વિશેની જાણકારી પણ વોટ્સએપ યુઝર્સને આપવામાં આવશે. તેનાથી કરોડો યુઝર્સની સલામતી વધશે.

---

## 'પૂછતે હૈં વો કિ ગાલિબ કૌન હૈ, કોઈ બતલાઓ કિ હમ બતલાયેં ક્યાં'

– મિર્ઝા ગાલિબ

**કેફિયત**

★ હનીફ મહેરી

મિર્ઝા ગાલિબનો આ શેર માત્ર એક સામાન્ય સવાલ નથી, પરંતુ તે માનવ અસ્તિત્વ, આત્મ-અન્વેષણ અને ઓળખના કોયડાનું એક ગહન દાર્શનિક સ્વરૂપ છે. જ્યારે કોઈ કવિને પૂછે છે કે "ગાલિબ કોણ છે?", ત્યારે આ પ્રશ્ન કવિ સામે એક ગંભીર સંકટ ઊભું કરે છે કે તેઓ પોતાની ઓળખ કયા શબ્દોમાં વ્યક્ત કરે. ગાલિબ અહીં પોતાની અસમર્થતા દર્શાવતાં કહે છે કે કોઈ મને જણાવે કે હું મારા વિશે શું કહું? શું હું મારી બાહ્ય અને સામાજિક ઓળખ (જેમ કે નામ, વંશ કે સાંસારિક પદ)નો પરિચય આપું, કે પછી એ આંતરિક જગત, વેદના, વિચારો અને શાયરીની ઊંડાઈને સમજાવું, જે ખરેખર મારું વાસ્તવિક સ્વરૂપ છે? મનુષ્યનું અસ્તિત્વ એટલું વિશાળ અને જટિલ હોય છે કે તેને કોઈ એક નામ કે વ્યાખ્યામાં સીમિત કરી શકાતું નથી. સમયની સાથે સમાજ અને દુનિયા વ્યક્તિઓને માત્ર સપાટી પરના માપદંડોથી મૂલવે છે, જ્યારે એક કલાકાર કે સંવેદનશીલ ઈન્સાનની અંદર વિચારો અને ભાવનાઓનો એક અનંત સમુદ્ર વહેતો હોય છે. ગાલિબનો આ અંદાજ તેમની વિનમ્રતાની સાથે-સાથે એ વાતને પણ ઉજાગર કરે છે કે માણસ પોતે જ પોતાની જાતને પૂરી રીતે જાણી કે સમજી શક્યો નથી, તો તે બીજાને પોતાની સાચી ઓળખ શું આપશે? ટૂંકમાં, આ શેર આપણને એ શીખવે છે કે દરેક વ્યક્તિની અસલી ઓળખ તેના પદ કે નામમાં નથી, પરંતુ તેની અંતરાત્મા અને તેના અનુભવોમાં છુપાયેલી હોય છે, જેને વ્યક્ત કરવા માટે અવારનવાર શબ્દો પણ ટૂંકા પડે છે.

